## પ્રકરણ-૧૪:- ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં તેને ઉપલબ્ધ અથવા તેની પાસેની માહિતીને લગતી વિગતો

## વેબસાઇટ (વન વિભાગ):-

વન વિભાગ દ્વારા સામાન્ય નાગરિકને વિભાગની તથા તમામ ખાતાના વડાની તેમજ વન વિભાગને લગતી તમામ માહિતી વેબસાઇટ દ્વારા મળી રહે તે ઉદ્દેશથી વિભાગ દ્વારા વેબસાઇટ તૈયાર કરવામાં આવેલ છે. જેની વિગત નીચે પ્રમાણે છે:

- વિભાગની વેબસાઇટનું વેબ એડ્રેસ: https://forests.gujarat.gov.in
- વિભાગની વેબસાઇટ અંગ્રેજી તથા ગુજરાતી બંન્ને ભાષામાં ઉપલબ્ધ છે.
- વિભાગની વેબસાઇટમાં તમામ વન વિભાગના વડાઓની માહિતી ઉપલબ્ધ છે.
- ગુજરાત સરકાર દ્વારા ચાલતી યોજનાકીય બાબતોનો પણ આ વેબસાઈટમાં સમાવેશ કરવામાં આવેલ છે.
- નીચે દર્શાવેલ અગત્યના મુદ્દા અંગેની માહિતી વેબસાઈટ દ્વારા મેળવી શકાય છે:
    - વન વિભાગના કાયદા અને નિયમો
    - વિભાગ હસ્તકના ખાતાના વડાઓની માહિતી
    - વિભાગ હસ્તકની યોજનાઓની માહિતી
    - સરકારી ઠરાવો
    - જાહેરનામા
    - ભરતી અંગેના નિયમો
    - પ્રકાશનો
    - ટેન્ડર્સ
    - ખાતાકીય પરીક્ષાઓ માટેના પ્રકાશનો
    - નાગરિકોના અધિકાર માટે જાહેર સેવાનો કાયદો
    - વન વિભાગ દ્વારા દર વર્ષે ચોમાસામાં કરવામાં આવતા વન મહોત્સવની વિગતો
    - અંદાજપત્ર
    - વન વિભાગના ઇકો ટુરિઝમની વિગતો
    - વન વિભાગના રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભ્યારણ્યોની વિગતો
    - વન વિભાગના પ્રવૃતિ અહેવાલો
    - અરજી કરવા માટેના ફોર્મ

- ઇ-સર્વિસીસ:-

વન વિભાગ દ્વારા સામાન્ય નાગરિકોને ઉપયોગી બને તે હેતુથી ૮ ઇ-સર્વિસીસની સુવિધાઓ આપવામાં આવે છે જેની માહિતી નીચે મુજબ છે:

1. ખેત વનીકરણ:-

   વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર થાય, ખેડૂતો વૃક્ષારોપણના અભિયાનમાં જોડાય, ખેતવનીકરણથી તેઓની આવકમાં વૃધ્ધિ થાય આ માટે આબોહવાને ગુણવત્તાસભર રોપા અને લાભાર્થીને ઓછામાં ઓછા ૨૫૦ અને વધુમાં વધુ ૧૦૦૦ રોપાના વાવેતર માટે સહાય આ યોજના હેઠળ આપવામાં આવે છે.

2. વિકેન્દ્રીત પ્રજા નર્સરી:-

   આ યોજના હેઠળ વૃક્ષ ઉછેરમાં રસ ધરાવતી મહિલાઓએ અરજી કરવા વિનંતી છે. આ યોજના હેઠળ રોપા દીઠ રૂ. ૨.૨૦ની સહાય ત્રણ હપ્તે મૂકવામાં આવે છે. ઇચ્છુક અરજદારે જે તે વર્ષની ૩૧મી ઓગષ્ટ સુધીમાં અરજી કરવાની રહે છે.

3. સ્મશાન સગડી:-

   બળતણનો બચાવ થાય તે માટે ૨૫૦ થી વધુ વસ્તી ધરાવતા પંચાયતની માંગણી અનુસાર વિના મૂલ્યે સ્માશન સગડી ફાળવવામાં આવે છે જેની જાળવણી અને દેખરેખની જવાબદારી જે-તે પંચાયતે નિભાવવાની હોય છે. સ્માશન સગડી મેળવવા માટે માંગણીની સામે ગામમાં છાપરી બનેલી હોવી જરુરી છે.

4. વન્યપ્રાણી દ્વારા માલઢોરનાં મારણ થતાં વળતર મેળવવા:-

   હિંસક વન્યપ્રાણીઓ દ્વારા રક્ષિત વિસ્તારો અને તેની બહાર જે માલઢોરના મારણ થાય છે તે અન્વયે ધારાધોરણ પ્રમાણે માલઢોરના માલિક દ્વારા વળતર માટેની અરજીઓ ઓનલાઇન પર રજુ કરવાની થાય છે. જેની ચકાસણી કરીને મંજુરી સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવે છે.

5. <u>રક્ષિત વિસ્તારમાં ફિલ્મ શુટીંગ / ફોટોગ્રાફી માટે મંજૂરી મેળવવા</u>:-

વ્યકિતગત, સંસ્થાકીય અથવા કંપની દ્વારા રક્ષિત વિસ્તારોમાં વન્યજીવો અને તેને સંલગ્ન પ્રવૃતિઓ અંગેની ફોટોગ્રાફી અથવા શુટીંગ માટે વન્યપ્રાણી કાયદાની જોગવાઇ હેઠળ અગ્ર મુખ્ય વન્યજીવ સંરક્ષકશ્રી (ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડન) ની મંજુરી મેળવવાની થાય છે. જે અન્વયે ઓનલાઇન અરજી કરવાની વ્યવસ્થા છે.

6. <u>રક્ષિત વિસ્તારમાં સંશોધન કામગીરી માટે મંજૂરી મેળવવા</u>:-

રક્ષિત વિસ્તારોમાં વન વિભાગ દ્વારા નિયત થયેલ વિષયો અથવા વ્યકિગત સંસ્થાઓ/યુનિવર્સીટીઓ દ્વારા સુચવવામાં આવેલ વન્યજીવ સંબધિત વિષયોના સંશોધન હેતુ ઇચ્છુક વ્યકિતઓએ ઓનલાઇન અરજી કરવાની રહે જેની મંજુરી અગ્ર મુખ્ય વન્યજીવ સંરક્ષકશ્રી (ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડન ) ધારા ધોરણે મુજબ નિર્ણય કરે છે.

7. <u>ખુલ્લા કુવા ફરતે પેરાપીટ દીવાલ બનાવવા માટે</u>:-

સિંહ સંરક્ષણ યોજના અંતર્ગત અસુરક્ષિત કુવાઓમાં વન્યજીવો પડી જતાં અટકાવવા કુવાઓને પેરાપીટથી સુરક્ષિત કરવાની યોજના અમલમાં છે. લાભાર્થીઓને ધારા પ્રમાણે મળવાપાત્ર સહાય મળવવાપાત્ર સહાય મેળવવા ઓનલાઇન અરજી કરવાની થાય છે.

8. <u>સૌમિલ લાયસન્સના રીન્યુઅલ માટેની સેવા</u>:-

સૌમિલધારકે સૌમિલ લાયસન્સના રીન્યુઅલ માટે ઓછામાં ઓછા ત્રણ મહિના પહેલા ઓનલાઇન અરજી કરવાની રહે છે.સદર અરજી પર સક્ષમ અધિકારી દ્વારા જરૂરી ચકાસણી કરી લાયસન્સ રીન્યુઅલ માટેનું યોગ્ય નિર્ણય લેવામાં આવે છે.

- આ યોજનાઓ માટે ઓનલાઇન તથા ઓફલાઇન બંન્ને પ્રકારની અરજીઓની સુવિધા ઉપલબ્ધ છે.
- ઇ-સર્વિસીસ સ્ટેટસ મારફતે અરજદાર તેમની અરજીનું સ્ટેટસ (જેમ કે તેમની અરજી મંજૂર થઇ છે, નામંજૂર થઇ છે કે પેન્ડીગ છે) વગેરે માહિતી મેળવી શકે છે.

- <u>કરૂણા અભિયાન</u>:-

  ૧૪મી તથા ૧૫મી જાન્યુઆરીના રોજ નાગરિકો દ્વારા પતંગ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. વન વિભાગ દ્વારા પતંગ મહોત્સવમાં ઘાયલ થયેલા મૂંગા પક્ષીઓની નિ:શુલ્ક સારવાર કરીને તેમનો જીવ બચાવવા માટે દર વર્ષે વન વિભાગ દ્વારા કરૂણા અભિયાનનું આયોજન કરવામાં આવે છે. જેના માટે કરૂણા એનીમલ એમ્બ્યુલન્સની સુવિધા પણ પૂરી પાડવામાં આવે છે. ઘવાયેલા પશુ-પક્ષીઓની નિ:શુલ્ક સારવાર માટે ૧૯૬૨ ટોલ ફ્રી નંબર પર ફોન કરીને તેમનો જીવ બચાવી શકાય છે.

- <u>ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશ</u>:-

  ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશ અંતર્ગત વન વિભાગ દ્વારા બે સોફ્ટ્વેર એપ્લિકેશનનો સમાવેશ થયેલ છે:

  1. ઝાડ કાપવા માટેની મંજૂરી મેળવવા
  2. વાહતુક પાસ માટેની મંજૂરી મેળવવા

  - આ અરજીઓ માટેની તમામ પ્રક્રિયા Investor Facilitation Portal ઉપર ઓનલાઇન કરવાની રહેશે.
  - અરજી કરવા માટેનું વેબ પોર્ટલ:- https://ifp.gujarat.gov.in

- <u>સુજલામ સુફલામ જળસંચય અભિયાન</u>:-

  વન વિભાગ દ્વારા જળ સંચય, ભેજ સંરક્ષણના કામો સ્વત્રંત રીતે કરવામાં આવતા નથી પરંતુ જયાં વનીકરણ કરવાના થાય તે સ્થળે સુક્ષ્મ આયોજન તરીકે અને વાવેતરના ભાગ સ્વરૂપે કરવામાં આવે છે. જળ સંચય અને ભેજ સંરક્ષણની કામગીરી માટે વન વિભાગ ધ્વારા વનતલાવડી અને ચેકડેમ બનાવવામાં આવે છે.

  વન વિસ્તારમાં જમીનના ધોવાણને અટકાવવા અને વરસાદી પાણીને વહી જતુ અટકાવી તેમજ પાણીનો સંગ્રહ કરવાના આશયથી ચેકડેમ અને વનતલાવડી બનાવવાની કામગીરી કરવામાં આવે છે તેનાથી સંગ્રહ થયેલ પાણી જમીનમાં ઉતરીને ભુગર્ભીય પાણીનું સ્તર વધારે છે. સંગ્રહ થયેલ પાણી સામાન્ય રીતે બે થી ત્રણ માસ સુધી વધારે ઉપલબ્ધ રહેતુ હોય છે જેમાંથી ગામના માલ ઢોર તેમજ પશુપક્ષીને પીવાનું પાણી પણ ઉપલબ્ધ થાય છે.

- <u>ગ્રીન ગુજરાત મોબાઇલ એપ્લિકેશન</u>:-

આ "Green Gujarat App" દ્વારા નજીકની નર્સરીઓ અને તેમાં ઉપલબ્ધ રોપાઓ વિશે જાણકારી મેળવી શકાય છે અને કોઇ પણ વ્યક્તિ દ્વારા ત્યાંથી રોપા મેળવીને તમારા ઘર, શાળા, વાડી, સાર્વજનિક બગીચા, ખેતી કે ઓફિસ વગેરેમાં વાવીને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનું ઉત્તમ આ સાધન છે.

  - ગ્રીન ગુજરાત એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટેની લિંક: https://play.google.com/store/apps/details?id=in.direct2web.GreenGujarat
  - આ એપ્લિકેશન ગૂગલ પ્લેસ્ટોર ઉપર પણ ઉપ્લબ્ધ છે.